॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે સળંગ અંક ૪૫૫, નવેમ્બર–૨૦૨૩, રૂા. ૫.૦૦/–



મહંત સદ્ગુરૂ પુ. સ્વામી ધર્મનંદનદાસજી

## દિવાલી એવં નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૭૯ આસો વદ-અમાસ સોમવાર તા.૧૩-૧૧-૨૦૨૩ ના પૂર્ણ થતા દિપાલવીના શુભ દિવસે વિતેલા વર્ષોને ભૂલીને આવતા નવા વર્ષમાં શ્રીહરિના ભજન-ભક્તિમાં દ્રઢતા થાય એવી શુભેચ્છાસહ.

સંવત ૨૦૮૦ કારતક સુદ-૧ મંગળવાર, તા.૧૪-૧૧-૨૦૨૩ ના શરૂ થતાં નવા વર્ષની શુભકામનાઓ સાથે ભુજથી મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ નાના મોટા સર્વે સંતોના જય શ્રીસ્વામિનારાયણ વાંચશોજી.

આવનારું વર્ષ આપના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને એકાંતિક ભક્તિમાં વૃદ્ધિ કરનારું રહે, તેમજ શ્રીહરિની આજ્ઞા અને ઉપાસનામાં દ્રઢતા લાવનારું થાય. સ્વાસ્થ્ય સભર આરોગ્ય, પરિવારમાં પરસ્પર આત્મીયતા સાથે સંપ વધારનારું નીવડે. આરંભેલા સત્કાર્યો નિર્વિઘ્ને સંપન્ન થાય, કામ, ક્રોધાદિક અંતઃશત્રુનું બળ ઘટે અને સત્સંગનું બળ વધે, સત્સંગમાં દાસાનુદાસની ભાવના સાથે સત્સંગને સમર્પિત થવાય એવી ભગવાન શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના સહ નૂતનવર્ષાભિનંદન ભુજથી મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના શુભાશીર્વાદ જય શ્રીસ્વામિનારાયણ.





ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી



સ.ગુ. કો. પાર્ષદ જાદવજી ભગત




# અંજાર શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવના લોગાનું વિમોચન









॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामके : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૩ અંક-૯ નવેમ્બર-૨૦૨૩
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૫૫

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૪ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૧૯ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે


સનાતન ધર્મના અનુયાયીઓ પર્વાધિરાજ દિવાળીના તહેવારો ઉત્સાહ અને ઉમંગભેર ધામધૂમથી ઉજવે છે. આસો વદ વાઘબારસથી કારતક સુદ લાભપાંચમ સુધી અનેરો આનંદ છવાયેલો રહે છે. ધન, ધાન્ય અને ધંધા(વેપાર-રોજગાર)ના આરાધ્ય દેવી દેવતાઓનું આરાધન અને પૂજન કરી પરસ્પર આત્મીયતાની અભિવ્યક્તિ એખલાસપૂર્વક કરે છે. લાભપાંચમના સત્ય અને નીતિના પ્રતિક સમા 'કાંટા' (ત્રાજવું)નું પૂજન કરી પ્રામાણિકતાથી વેપાર કરવાના સંકલ્પો કરે છે જેથી ધંધામાં બરકત રહે અને વેપારી વર્તુળમાં શાખ ઊભી થાય. (જીવનનું પણ એવું જ છે. સત્ય-નિષ્ઠા સાથે નીતિના માર્ગે ચાલીએ તો પુણ્યના ભાથામાં વૃદ્ધિ થાય અને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય) દિવાળીની ઉજવણી બાદ નૂતન વર્ષના અભિનંદન પાઠવી શુભ સંકલ્પો સાથે આત્મોન્નતિ અર્થે શુભેચ્છાઓ પણ પાઠવીએ.

દાનવદષ્ટિનો નાશ કરી એકબીજા તરફ દેવદષ્ટિથી નિહાળી વ્યક્તિમાં રહેલા દેવત્વને જાણીએ. જીવમાત્ર પ્રત્યે સહિષ્ણુતા દાખવી 'સ્વ'ને વિસારી 'સર્વ'નું વિચારીએ. સૌનું રૂડું થાય, સૌનું કલ્યાણ થાય, સૌની ઉન્નતિ થાય એવા શુભ સંકલ્પો કરીએ અને સૌને સત્કર્મો કરવાની પ્રેરણા પૂરી પાડીએ, પ્રોત્સાહિત કરીએ. દરેક અવસ્થામાં શ્રીહરિ પ્રત્યે હૈયામાં હેત રાખી તેની ઉપસ્થિતિ અનુભવીએ, તેના સાંનિધ્યના સાક્ષાત્કાર સાથે શ્વાસે શ્વાસમાં, હૃદયના દરેક ધબકારામાં તેના અસ્તિત્વનો અહેસાસ કરીએ.

સમસ્ત સૃષ્ટિમાં અને સૃષ્ટિના જીવમાત્રમાં નિહિત 'સત્યમ્, શિવમ્, સુન્દરમમાં તન્મય થઈએ. આપણા હાથે મંગલકાર્યો થતાં રહે અને આપણા ચરણો કલ્યાણના માર્ગે ચાલતા રહે. અહંનો અંચળો ફેંકી દઈ નિર્દોષ, નિર્મળ અને નિરપેક્ષભાવ સાથે ભગવાન શ્રીસ્વામિનારાયણ સમક્ષ ઊભા રહી વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યની છત્રછાયામાં નચિંત થઈ મસ્ત બની જીવન જીવીએ.

માનવ નિર્દોષ, નિર્મળ, નિરપેક્ષ, નિખાલસ, સહિષ્ણુ, સૌમ્ય અને સંતોષી હૃદય સાથે જન્મે છે. પરંતુ માનવ સર્જીત વિકૃતિઓએ પવિત્ર હૃદયને ભ્રષ્ટ કરી દે છે. ત્યારે એટલી જ અપેક્ષા કે, વેર શાંત થાઓ, સૌહાર્દની અરસપરસ વૃદ્ધિ થાઓ, કલહનો નાશ થાઓ, લોકો અરસપરસ ભાવવાહી જીવન જીવતા થાઓ.

માનવ સાચા અર્થમાં માનવ થાઓ. દિવાળી તથા નૂતનવર્ષાભિનંદન સહ જય શ્રીસ્વામિનારાયણ..



# साष्टांगप्रणतिश्चेति नियमा उत्तमा मताः । एतेष्वेकतमो भक्त्या धारणीयो विशेषतः ॥

શિક્ષાપત્રી શ્લોક - ૭૮

હિંમતભાઈ ઠક્કર - ભુજ

વિશેષ નિયમો ઉપરાંત બીજા પણ જે ઉત્કૃષ્ટ નિયમોનો, સ્મૃતિઓ અને પુરાણોમાં સંગ્રહ કરેલો છે તે નિયમોનો બોધ શ્રી ભાષ્યકાર શતાનંદ સ્વામી અત્રે કરી રહ્યા છે.

હમેશાં પોતાની સર્વે ઈન્દ્રિયોને ભગવાનના સંબંધ વિના પંચવિષયો થકી પાછી વાળી લેવી, પણ જ્યારે ચાતુર્માસ આવે ત્યારે વિશેષે કરીને પાછી જ વાળી લેવી. અને મનુષ્યના શરીરમાં એક અહંકારરૂપી ઝેર રહેલું છે, એ અહંકારરૂપી ઝેરનો તો હંમેશાં ત્યાગ જ કરી દેવો જોઈએ. અને વળી ડાહ્યા પુરુષોએ હંમેશાં સાચું બોલવું જોઈએ.

''વર્ષાઋતુમાં જીવાણુંનું, વળગણ જીવને વ્યાપક બને. ને અહંકારી ઝેર ત્રાટક બને, ત્યારે સત્સંગીને ઝેર ક્યાં ખપે. ?

જ્યારે બુદ્ધિ સળવળેને વાંધાવચકાં કરે કે અમે તો સંસારી, સંસારમાં તો સાચું-ખોટું ચાલતું જ રહે, અને સૌ આપ-લે થી ટેવાયેલા જ હોય... શિક્ષાપત્રી તો બોધ આપે. આપણને ખપે ત્યારે લેવાનું.. સદાય ફાયદો ક્યાં મળે ? કુટીલ બુદ્ધિ આમ જ ભ્રમિત કરે.

તો વાંચો..શાસ્ત્રો પ્રબોધે છે કે, ''સત્યં વદ, પ્રિયં વદ'' સૌએ ને ખાસ કરીને તો સત્સંગીઓએ તો સદાય સત્ય જ બોલવું જોઈએ અને તો સાંભળનારાઓને પણ પ્રિય લાગે તેવી વિનમ્રતાથી બોલવું જોઈએ. આપણા સૌની વાણીમાં પ્રેમ, સદ્ભાવના, વિવેક અને નમ્રતાના અમીછાંટણાના મધ-મીઠાં બોલ સાંભળનારાઓને સત્ય સંભળાવે અને તેમના મન-બુદ્ધિ-ચિત્તમાં ચીટકીને એવી તો મીઠાસ પ્રવર્તે કે પછી ભયોભયો થઈ જાય.

સત્ય સદાય ટુંકુને સ્પષ્ટ હોય તથા હંમેશાં તેનું તે જ હોય. જ્યારે જૂઠ કે અસત્ય 'સત્ય' ન હોતાં તેને બીજાના દિમાગ પર ઠોકી બેલાડવા ગલેફી ગલેફીને વધુ ને વધુ અસત્યથી 'સત્ય' બતાવવા શણગારવું પડે છે. તેથી અસત્ય થોડા સમય માટે ઢોલ પીટી ધજાગરો તો કરી જાય પરંતુ અંતે તો વિજય 'સત્ય' નો જ થાય છે. શિક્ષાપત્રીમાં શ્રીસહજાનંદ સ્વામી સત્યાસત્યની અદભુત સમજ વાંચનારાના હૃદયમાં સોંસરી જ ઊંડે ઊતરી જાય તેવી સમજણ આપી છે. માટે પ્રત્યેક સત્સંગીએ સંપૂર્ણપણે સાવધાન થઈને ચાતુર્માસમાં તો

ભગવાનની પ્રસન્નાર્થે સાચું જ બોલવાનો લ્હાવો લેવોજ જોઈએ.

સૃષ્ટિ સર્જનનું એકમાત્ર મૂળભુત કારણ છે, નર-નારીનું સાહચર્ય પૂર્ણ જીવન. આ સાહચર્ય બેકાબૂ, બેફામ કે અન્ય સાંસારિક સમસ્યાઓનું સર્જન કરનારું ન બને તે માટે બ્રહ્મચર્યની વિવેકસભર સમજણ પણ શાસ્ત્રો પ્રબોધે છે કે, બ્રહ્મચર્ય સર્વશ્રેષ્ઠ ધર્મ છે. અને વિવેકસભર ધર્મનિષ્ઠ સાહચર્ય સર્વશ્રેષ્ઠ કર્મ છે. અને જીવને પૂનર્જન્મોમાંથી છૂટી મોક્ષ તરફ ગતિશીલ થવા તો અંતે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાલન જરૂરી છે.

વળી શાસ્ત્રોએ કામ, ક્રોધ, લોભને નરકના દ્વાર ગણાવ્યાં છે. જેમાં કામ તો જીવને ખુશ-ખુશાલ રાખી સર્વે પ્રાણીઓને વિનાશ તરફ જ લઈ જનારું છે.

માનવની સમજણને ઉત્કર્ષ માટે ધારદાર કરવા પુરાણોએ સર્વોત્તમ ઉદાહરણો આપેલા છે. દેવ-દાનવોના યુદ્ધને ઠારવા શ્રીવિષ્ણુ ભગવાને જ મોહિની સ્વરૂપ ધારણ કરી સમુદ્ર મંથનમાંથી નીકળેલા અમૃતને દાનવોને ઠગીને દેવોને પીવડાવી દીધું. અસુરોને પણ કામુકતા હરાવી ગઈ.

વિશ્વામિત્ર ઋષિના કઠીનતમ્ તપનો ભંગ કરવા અને ઈન્દ્રે પોતાનું ઈન્દ્રાસન બચાવવા સ્વર્ગની અપ્સરા મેનકાને મોકલી. પરિણામે વિશ્વામિત્રનું તપ તૂટ્યું.

"કામ હૈ અનંત શક્તિશાલી, નારીકી અખિયાં મોહિત ઈશારો વાલી.
પૈરોકે ઘુંઘરુંકી છનછનાહટ ભારી, તપોનિષ્ઠકો ભી ધર્મભ્રષ્ટ કરનારી."

શ્રીહરિએ પ્રબોધ્યું છે કે, ક્રોધ પ્રાણીઓના પૂણ્યને જ બાળી નાખે છે.

"ક્રોધ કાલી નાગની ફેણનો, હળાહળ ઝેરનો ફુત્કારી ફુંફાળો.
જો એકાંતિક ભક્ત હરિને પોકારે, ને બચેલા પુન્ય જ તારશે સંસારે."

માનવીને તેની શારીરિક સ્વસ્થતા જાળવવા ચાતુર્માસમાં શાકભાજી, દહીં, દૂધ, ફળફળાદિ, કેદમૂળો અને ફાડિયાવાળા ધાન્યો (શાસ્ત્રાનુસાર) પણ ત્યજવા જોઈએ. ક્રમિક ચિતાર પણ શ્રીહરિએ બતાવ્યો છે. તોયે સ્વાદની ભૂખ કલિયુગી માનવને ક્યાં નો ક્યાં લઈ જાય છે.

"બર્ગર, પીઝા, નૂડલ્સ, રોસ્ટેડ સેન્ડવિચ મસ્ત.
પેટ બિચારું ત્રસ્ત ત્રસ્ત, દાકતરો બનશે ધનગ્રસ્ત."

આપણને સૌ સત્સંગીઓને પૌરાણિક ઉદાહરણો સદાય માર્ગદર્શક રહ્યા છે.

"શિવજીની તપસ્યા તોડતાં, કામદેવ બન્યો 'અનંગ'.
વિષ્ણુ વિશ્વમોહિની બન્યા, દેવો અમૃત પામ્યા, દાનવો ઠગાયા."

સંસારી જીવોને બોધપાઠ આપવા કાલિમાતાના પરમભક્ત શ્રીરામકૃષ્ણ પરમહંસને સૌ મીઠાઈઓ કરતાં 'જલેબી' તેમને ખૂબ ભાવતી એમ જણાવતા...અને આડકતરી રીતે સમજણ આપતા

"સાંસારિક સંબંધો જલેબીના છાતલા, વાંકડિયા ઊબડખાબડ વળાંક સાંકડા.
શ્રીહરિની શિક્ષાપત્રીનાં શ્લોક ફાંકડા, ભક્તો જટ ચાલો ધોરી માર્ગે ઊતાવળા."

**ખાસ નિવેદન**

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા **અ.નિ. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી** તથા **અ.નિ. સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી** આ બંને સદ્‌ગુરુ સંતોની પુણ્ય સ્મૃતિમાં **તા.૧૧-૧૨-૨૦૨૩ થી ૧૫-૧૨-૨૦૨૩** દરમિયાન ભુજ મંદિરમાં પંચાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન સંયુક્ત (એક સાથે) કરવાનું નિર્ધારેલ છે.

આ મહોત્સવમાં સેવા કરવા ઇચ્છતા હરિભક્તોએ ભુજ મંદિર કોઠારનો સંપર્ક કરી આ ઉત્સવમાં યજમાનપદે અવશ્ય જોડાઇ શકાશે.

લી.કોઠારીશ્રી

# दिवाली પર્વ

## (આસો વદ એકાદશી થી આસોવદ અમાસ દિવાળી)



**દીપોત્સવી ઉત્સવ એટલે પ્રકાશનો ઉત્સવ :** ભારતીય સંસ્કૃતિ વિચારધારાના સૂચક પોષક અને સંવર્ધક એવા ઉત્સવ પંચકમાં નીચેના પાંચ પર્વો સમાહિત છે.

૧- રમા એકાદશી (આસોવદ એકાદશી), ૨- વાઘબારસ, ૩-ધનતેરસ, ૪-કાળીચૌદસ, ૫-દિવાળી.

**રમા એકાદશી :** આસો વદ એકાદશીથી દિવાળી પર્વનો આરંભ થાય છે. આ એકાદશી ભગવતી એકાદશી તરીકે પણ ઓળખાય છે. એકાદશીનો અર્થ શ્રીહરિ વચનામૃત ગ.મ.-૮ માં આ મુજબ કરે છે, દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન એના આહારનો ત્યાગ કરો તેનું નામ સાચી એકાદશી. ‘‘વાસના પર વિજય એ જ મહોત્સવ’’ દિવાળી પર્વમાં છલકતા આનંદ અને ઉલ્લાસનો આરંભ સંયમના સંદેશથી થાય છે.

**વાઘબારસ :** આસોવદ બારસ એટલે વાઘબારસ અને ગોવત્સ દ્વાદશીથી પણ ઓળખાય છે. આ દિવસે ઉત્તરભારતમાં ગાય અને વાછરડાની પૂજા કરીને દાન આપવાનો રિવાજ છે તેથી તેને ગોવત્સ દ્વાદશી કહે છે.

**ધનત્રયોદશી (ધનતેરસ) :** ધનના બે અર્થ છે, ધન (પૈસો) અને ધણ (ગાયોનું ધણ) એટલે ધનતેરસના બે અર્થ છે. ધણતેરસ અને ધનતેરસ. પૂર્વે ગાયોનું ધણ જ મુખ્ય મિલ્કત ગણાતી એનું પૂજન કરવામાં આવતું. કાળક્રમે ગોધનની સાથે ધનની પૂજા પણ થવા લાગી.

**ધન્વન્તરી જન્મોત્સવ :** આજે દેવોના વૈદ્ય ધન્વન્તરીનો પણ જન્મદિન છે. દેવોને ધન્વન્તરી પાસેથી અમૃત તો મળ્યું પણ અધ્યાત્મ ધન વિના તેમને પણ અશાંતિ થઈ અને પછી શુકદેવજી પાસેથી ભાગવત અમૃતનું કથાપાન કર્યું ત્યારે શાંતિને પામ્યા.

**કાળીચૌદશ :** શિક્ષાપત્રીમાં મહારાજની આજ્ઞા મુજબ આસો વદ ૧૪ ના દિવસે હનુમાનજીનું પૂજન કરવું એવી આજ્ઞાથી આજના દિવસે હનુમાનજીની વિશેષ પૂજા કરવામાં આવે છે. પ્રાગ્ જ્યોતિષપૂર (આજનું આસામનું ગૌહાતિ) ના રાજા ભૌમાસુરે વિદ્યાની બધી જ ઉત્તમ અને શ્રેષ્ઠ વસ્તુઓ લોકો પાસેથી છીનવીને ભેગી કરી હતી. દેવોના માતા અદિતીના કુંડળ પણ તે ચોરી ગયો હતો. ત્રણે ભુવનમાં તેનો ત્રાસ હતો. દેવોની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણ ભગવાને સત્યભામા સાથે જઈને ભૌમાસુરનો અર્થાત્ નરકાસુરનો નાશ કર્યો. તેણે પકડેલી સોળ હજાર સ્ત્રીઓને છોડાવી. દેવો આનંદમાં આવી દીવા પ્રગટાવીને દીપોત્સવ કર્યો. ભગવાન કૃષ્ણે સુદર્શન ચક્રથી નરકાસુરનો સંહાર કર્યો ત્યારે પૃથ્વી પર પડેલા તેના મુખે કૃષ્ણને પ્રાર્થના કરી, ‘‘મારી મૃત્યુતિથીએ જે સૂર્યોદય પહેલા સ્નાન કરે તેને નરકની પીડા ન થાય.’’ અત્યારે આ ત્રણ દિવસોમાં શ્રીઠાકોરજીની આરતી પણ વહેલી થાય છે. ભગવાને

તથાસ્તુ કહ્યું નરકાસુર મૃત્યુ પામ્યો ત્યારથી આ દિવસના મંગલ સ્નાનનું માહાત્મ્ય ઘણું કહેવાય છે. એ દિવસ એટલે કાળીચૌદશ આજે હનુમાનજીનું વિશેષ પૂજન કરી ભૂતપ્રેતાદિથી રક્ષા કરવાની પ્રાર્થના થાય છે.

**દીપાવલી :- આ દિવસે**

-સમુદ્રમંથન વખતે સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ્યા.

-૧૨ વરસનો વનવાસ વેઠી પાંડવો પાછા હસ્તિનાપુર પધાર્યા.

-શ્રીરામ લંકા વિજય કરી અયોધ્યા પધાર્યા.

-પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ પ્રગટાવ્યા.

સમગ્ર પૃથ્વી પર આવી શુભ ઘટનાઓ આ દિવસે નોંધાઈ હોવાથી પ્રજા ખુશ થઈને અને દીવા પ્રગટાવી આનંદ વ્યક્ત કરે છે માટે આ ઉત્સવ દીપોત્સવી કહેવાય છે.

માનવી હંમેશા આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલો જ હોય છે. તેમાંથી જે દિવસે મુક્ત થાય તે દિવસ તેના માટે દિવાળીનો આનંદનો દિવસ છે.

-ચોપડા પૂજન-સરસ્વતી પૂજન-શારદા પૂજન

વેપારીઓ ચોપડા પૂજન દ્વારા આ દિવસે પોતાના આગામી વર્ષના હિસાબ શુદ્ધ રાખવાની ભાવના કરે છે. શારદા કે સરસ્વતી પૂજન પણ આ દિવસે થાય છે. સંત નાનક કહેતા કે, લોકમાં વાત થાય છે કે રામજી ચોપડા રાખે. પણ રામજીના ચોપડા તો ચોખ્ખા જ હોય છે. પણ આપણે આપણો ચોપડો ચોખ્ખો રાખવાનો છે. શ્રીજી મહારાજ કહે, “જ્યારથી સત્સંગ થયો ત્યારથી સત્સંગનું નામું રાખવું (ગ.પ્ર.-૩૮)”

ભવિષ્યોત્તર પુરાણમાં દિવાળીનો ઉત્સવ કેવી રીતે ઉજવવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જેમાં દેવો અને પિતૃઓની પૂજા, બ્રહ્મભોજન અને સંધ્યા સમયે અસુરોને ભગાડવાના હેતુથી ઢોલ-નગારાનો નાદ કરવાની વિધિઓ આધુનિક સમયમાં લુપ્ત થઈ ગઈ છે.

**દિવાળી એટલે અમાસ :** આ દિવસે દીવા પ્રગટાવવાનો વિશેષ મર્મ છે. એક દીવો બહાર પ્રકાશ કરે, એક દીવો અંતરને ઉજાવે. અંતરનો પ્રકાશ અગત્યનો છે. એટલે તે માટે સંતસમાગમ, નવધા ભક્તિ અને સેવા મુખ્ય સાધનો છે. જેના દ્વારા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિરૂપી એકાંતિક ધર્મ પ્રગટે છે. એવા ભક્તો માટે બ્રહ્માનંદસ્વામી કહે છે,

રાજ મારે દિન દિન દિવાળી, વહાલા મળતા તમને વનમાળી.

વિક્રમ સંવત વર્ષનો છેલ્લો દિવસ એટલે દિવાળી, ભક્તો પણ દિવાળીના દિવસે શ્રીજી મહારાજની આસપાસ દીવા પૂરતા જેનું વર્ણન વચનામૃત કારીયાણી-૬માં આ મુજબ છે. સંવત ૧૮૭૭ ના આસો વદિ અમાસ જે દિવાળી તેને દિવસે ગામ શ્રીકારીયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદેબાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી. અને તે દીપમાળા મધ્યે મંચ બાંધ્યો હતો અને તે મંચ પર છપ્પર પલંગ બિછાવ્યો હતો અને તે ઉપર સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ બિરાજમાન હતા. દીપમાળા સાથે શ્રીજી મહારાજ સમક્ષ ભક્તો ફટાકડા પણ ફોડતા તેનો ઉલ્લેખ શ્રીહરિલીલામૃત (૭/૨૭ માં) આ મુજબ છે.

જો કે દારુખાના કે ફટાકડા શ્રીહરિને બહુ ગમતા નથી. શ્રીહરિચરિત્રામૃતસાગરમાં સદ્ગુરુ આધારાનંદસ્વામી લખે છે. હરિભક્તોના છોકરાઓ બાળબુદ્ધિ હોવાથી ફટાકડાને બપોરિયા ફોડતા. શ્રીહરિ તેમનો ખેલ જોઈને હસતા. શ્રીહરિ ભક્તોને કહે આવી રમત સારી નહીં. હાથ-પગ-મોઢું બળી જાય તેવી આ રમત છે.

# નૂતનવર્ષ-બેસતું વર્ષ-અન્નકૂટોત્સવ કાર્તિક સુદ-૧

વિક્રમ સંવતનો પ્રથમ દિવસ એટલે કાર્તિક સુદ એકમ પડવો. ભગવાન વેદવ્યાસજી યુધિષ્ઠિરને આ દિવસનો મહિમા આ રીતે સમજાવે છે.

હે યુધિષ્ઠિર ! આ પડવાને દિવસે જે વ્યક્તિ આનંદમાં રહે છે, તેનું આખુંય વર્ષ આનંદમાં વીતે છે, જે દુઃખમાં રહે છે તેનું આખુંય વર્ષ દુઃખમાં વીતે છે. આમ આ મંગલપર્વ આખા વર્ષના આનંદ અને સુખ પામવાનો દિવસ છે.

અન્નકૂટ ઉત્સવ શ્રીજી મહારાજની હાજરીમાં ઉમંગભેર ઉજવાતો. શ્રીહરિને આ માટે અનેરો ઉત્સાહ હતો. એકવાર શ્રીહરિએ ભુજમાં અન્નકૂટ ઉત્સવ ઉજવવાનું વિચાર્યું. તે પ્રસંગે સૌને લાભ લેવા આવવાનું આમંત્રણ આપતા શ્રીજી મહારાજનું વર્ણન શ્રીહરિચરિત્રામૃતસાગર (૧૨/૪૫) માં આ મુજબ છે.

પછી શ્રીહરિ સુંદર શ્યામ, લખાવે કંકોતરી ગામે ગામ.<br>
ભુજ થકી એ લખનાર, એમાં આશીષ વાંચજો સાર.<br>
વાંચી પત્રીને આવો અવશ્ય, કાર્તિક સુદ એકમનો દિવસ.<br>
આવો અન્નકૂટ ઉત્સવ પર, બાઈ-ભાઈ મળી તત્પર.<br>
સંત-મંડળને બ્રહ્મચારી, પાર્ષદ સહિત આવો સુખકારી.<br>
એવી પત્રિકા લખી અપાર, કચ્છ, સોરઠને હાલાર.

ઠાકોરજી આગળ ધરાવવામાં આવનાર વાનગીઓનું નિરીક્ષણ કરવા શ્રીહરિ અવાર-નવાર પ્રત્યક્ષ પધારતા.

બલિરાજા પાસે ત્રણ પગલાનું દાન લેવા ભગવાને વામન અવતાર ધર્યો એ દાનનો દિવસ હતો કાર્તિક સુદ એકમ  સર્વશ્રેષ્ઠ સમર્પણનો આ દિન સૌ યાદ રાખે તે માટે વામનજીએ આ દિવસે બલિ પ્રતિપદા તરીકે વિખ્યાત કર્યો.

દિવાળી પહેલાના ચારમાસમાં આ વિવિધ અનાજની નવી નવી ફસલો તૈયાર થાય આ નવા ધાન્યને વિવિધ વાનગીઓ રૂપે ભગવાન સમક્ષ અન્નકૂટ ધરાવવામાં આવે છે. ભગવાનને ધરાવેલું અન્નકૂટ પ્રસાદીરૂપે ભક્તોને મળે છે.

વૈષ્ણવ મંદિરોમાં નવા ધાન્યના બનાવેલ મિષ્ટાનો, ફરસાણો, સૂકોમેવો ફળ વગેરે ધરવામાં આવે છે. “કૂટ” એટલે કે પર્વત આકારનો ઢગલો કરવામાં આવે છે તેથી તેને અન્નકૂટ કહે છે. ત્યારબાદ પ્રભુ સમક્ષ ઉત્સવના પદો થાળ ગવાય છે. આરતી થાય છે સાંજ સુધી સર્વના દર્શનાર્થે અન્નકૂટ રાખવામાં આવે છે. પછી એ પ્રસાદી હરિભક્તોને વહેંચવામાં આવે છે.

અંતરમાં દીપ પ્રગટે અને પ્રતિ પળ નવો ઉમંગ ને કેફ વર્તે આવા ભાવ આ પદ પ્રત્યેક શબ્દમાં છે. મહારાષ્ટ્રમાં દશેરા કે દિવાળીની વ્યાખ્યા આવી કરે છે.

જાસી સંત અતિ ધરા, તાસી દિન દિવાળી દસરા

જે દિવસે સાચા નિર્મળ સંતો ઘર પધારે અને પ્રભુકથા માં તરબોળ કરે તે જ દિવસ દશેરા એ જ દિવસ દિવાળી.

### લાભપાંચમ કાર્તિક સુદ ૫

કારતક સુદ પાંચમ એટલે લાભપાંચમ શારદા પૂજનમાં જે ચોપડાઓની પૂજા બાકી રહી ગયા હોય તે ચોપડાઓની પૂજા આ દિવસે થાય છે. લાભપાંચમને સૌભાગ્ય પંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. સૌભાગ્ય એટલે સારું ભાગ્ય, ઉમદા પ્રાપ્તિ લૌકિક જગમાં ખૂબ ધન મળે, સારા પગારવાળી નોકરી મળે, અમેરિકા જવા મળે, સારા

વેવાઈ મળે, પહેલું બાળક પુત્ર જન્મે વિગેરે માનવામાં આવે છે. પરંતુ સૌથી મોટો લાભ છે મનુષ્યદેહની પ્રાપ્તિ અને એ મનુષ્યદેહમાં આ સત્સંગનો જોગ.

નોબલપ્રાઈઝ મળે કે લોટરી લાગે એ સાચો લાભ નથી. સાચો લાભ તો ભક્તિ, સેવા અને સંતસમાગમ છે. નિષ્કુળાનંદસ્વામીને રોજ લાભપાંચમ છે. તે કહેતા,

ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ
। નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ ॥

### દેવદિવાળી-કાર્તિક સુદ-૧૫

બલિના પાતાળમાંથી પ્રબોધિની એકાદશીએ જાગેલા પ્રભુ દેવો પાસે પૂનમના દિવસે પહોંચે છે. દેવો પોતાના પ્રાણાધાર પ્રભુને પામીને હર્ષોલ્લિત થઇ આનંદમાં મહોત્સવ ઊજવે છે. વાજિંત્ર, શરણાઈ, દુંદુભિ વગાડી, રંગોની વર્ષા કરી, દીવડાઓ પ્રગટાવી પોતાનો ઉન્માદ પ્રગટાવે છે તેથી તે ઉત્સવ દેવદિવાળી કહે છે.

દેવોનો ઉત્સવ એટલે દેવદિવાળી. આપણા હૃદયમાં દેવાધિદેવ પ્રગટ પ્રભુ પ્રગટે તો આપણી દેવદિવાળી સાચી.

ત્રિપુરારિ પૂર્ણિમા (ભાગવત ૭/૧૧) :- શ્રીમદ્ ભાગવતમાં ત્રિપુરારિની કથા આવે છે, મયદાનવે અસુરોના ત્રણ નગર (પુર) બનાવી આપ્યા એમાં એક સુવર્ણનું, બીજું રજતનું અને ત્રીજું લોઢાનું હતું. આ ત્રણે નગરો ઉડતા હતા.

અસુરો પોતાના આ નગર સાથે આકાશમાં વિહાર કરતા અને મનફાવે ત્યાં ઉતરતા. જ્યાં જ્યાં આ મહાનગરો જમીન પર પ્રસ્થાન કરે, તે તે સ્થળની સંસ્કૃતિ, માનવો, પશુ-પક્ષી અને સમૃદ્ધિનો નાશ થઇ જતો. દેવો આનાથી ત્રાસ્યા. તેમણે ભગવાન શંકરને આમાંથી મુક્તિ અપાવવા પ્રાર્થના કરી. શંકરે રૌદ્ર રૂપ ધારણ કર્યું અને પોતાના ત્રીજા નેત્રને ખોલીને આ ત્રણે નગરોનો નાશ કર્યો તેથી શંકર ત્રિપુરારિ કહેવાયા. દેવો આનાથી પ્રસન્ન થયા. તેમણે ઉત્સવ કર્યો તેથી આ દિવસને દેવદિવાળી કહે છે. ભક્તિમાતાનો જન્મ પણ સંવત ૧૭૯૮ માં કાર્તિક પૂર્ણિમાએ થયો હતો.

### તુલસીવિવાહ

તુલસીને શાસ્ત્રોમાં સરલા, વૃંદા, લક્ષ્મી, શ્યામા, ગોરી, સુભગા, સુલભા, અમૃતા, સુરભિ, પાવની, હરિપ્રિયા, રુકમણિ, વિષ્ણુવલ્લભા આદિ નામોથી વર્ણવી છે.

તુલસી વિવાહ એટલે તુલસી અને શાલીગ્રામરૂપી ભગવાનનો વિવાહ.

તુલસીવિવાહ કથા- (બ્રહ્મવૈવર્ત પુરાણ)

ગોલોકમાં રાધા અને તુલસી બે આત્મીય સખીઓ હતી એકવાર તુલસી સાથે શ્રીકૃષ્ણ વિહાર કરવા નીકળ્યા. રાધાને ઈર્ષ્યા આવી તરત જ તેને શાપ આપ્યો "તું પૃથ્વી પર જા અને મનુષ્ય બની જા."

પૃથ્વી પર તેનો જન્મ ધર્મધ્વજ રાજાને ત્યાં થયો. અત્યંત રૂપવાન અને લાવણ્યમયી હોવાથી તેના સૌંદર્યની તુલના કોઇ સાથે સંભવ ન હતી. તેથી તેનું નામ તુલસી પાડવામાં આવ્યું.

તુલસીએ ઘોર તપ કરી બ્રહ્મા પાસે વરદાન માંગ્યું કે હું કૃષ્ણને પતિરૂપે પામવા ઈચ્છું છું. પરંતુ રાધાના શાપને કારણે બ્રહ્માએ તેને શંખચૂડ નામના દૈત્ય સાથે પરણાવી. શંખચૂડને વરદાન હતું કે તેના સ્ત્રીનું સતીત્વ ભંગ થયા વિના તેનું મૃત્યુ થાય નહિ. શંખચૂડે દેવો પર ત્રાસ ગુજારવા માંડ્યો. દેવો દુઃખી થઈને ભગવાન વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ શંખચૂડનું રૂપ લઈને તુલસીનું પતિવ્રતાપણું ચૂકાવ્યું. શંખચૂડનો નાશ થયો, તુલસીને આ વાતની ખબર પડી તેણે વિષ્ણુને શાપ આપ્યો "તમારું હૃદય પાષાણ જેવું છે,

તમે કપટી છો માટે પૃથ્વી પર તમે પથ્થર રૂપે પ્રગટો'' પ્રભુએ તુલસીનો શાપ સ્વીકાર્યો અને તુલસીને વનસ્પતિ થવાના આશીર્વાદ આપી કહ્યું, "તું આ શરીર છોડીને લક્ષ્મી સમાન મારી પ્રિયા થઈશ. તારા શરીરમાંથી ગંડકી નદી અને કેશમાંથી તુલસી વૃક્ષ ઉત્પન્ન થશે.''

ત્યારબાદ પથ્થરરૂપે શાલીગ્રામનો ઠાકોરજી તરીકે સ્વીકાર થવા લાગ્યો. ગંડકી કિનારે તુલસીના વન ઊગી નીકળ્યાં. ગંડકીમાં રહેલા શાલીગ્રામ પર તુલસીપત્ર આપોઆપ ચડવા લાગ્યા. આ તુલસી અને શ્યામરૂપી શાલીગ્રામનો વિવાહ એટલે જ તુલસી વિવાહ.

## તુલસીવિવાહ કથા - (પ્રેમાનંદસ્વામી રચિત)

સદ્‌ગુરુ પ્રેમાનંદસ્વામીએ ૬૫ પદોની ધોળ રાગમાં રચના કરી જે તુલસી વિવાહ તરીકે પ્રસિદ્ધ છે. તેમાં તુલસી વિવાહની કથા આ મુજબ છે.

કુરુક્ષેત્રમાં એકવાર સૂર્યગ્રહણ વેળાએ શ્રીકૃષ્ણ-વાસુદેવ સાથે સ્નાન માટે પધાર્યા છે. આ બાજુ રુકમણિના પિતા ભીમકરાવ પણ પોતાના સગા-સંબંધી સહિત પધાર્યા હતા. બંને વેવાઈને મેળાપ થયો. પિતા-પુત્રી અને સસરા-જમાઈનું આ મિલન અદ્‌ભુત હતું.

રુકમણિ હરણથી ભીમકરાવને કૃષ્ણ માટે અભાવ હતો તે હવે નીકળી ગયો પણ ભીમકરાવને એક વાતનો વસવસો સતત રહેતો કે પુત્રી વિવાહ-કન્યાદાનનું સુખ મારા ભાગમાં ન આવ્યું. આ લહાવો લેવાનો રહી ગયો. પણ હવે મોટી ઉંમરે ફરી પરણાવીએ તો સમાજમાં હાંસી થાય. ભીમકરાયને એક નવો અદ્‌ભુત વિચાર આવ્યો અને તેણે વસુદેવને કહ્યું.

ભીમક કહે કુરુક્ષેત્ર રે, પુણ્ય તીર્થ ભારી કો તો તુલસી
વિવાહ રે.
આપણે કરીએ વિચારી, રુકમણિ રૂપે તુલસી રે,
કન્યા તે મારી.
શાલીગ્રામ તમારો રે, પુત્ર સુખકારી.

વસુદેવને આ પ્રસ્તાવ ગમી ગયો અને ત્યારથી શરૂ થયો તુલસી વિવાહ.

★ સદ્‌ગુરુ વૈષ્ણવાનંદસ્વામીએ પુરુષોત્તમ વિવાહ નામે ૨૪ પદોની પદમાળમાં જીવનો પુરુષોત્તમ નારાયણ સાથેનો જ્ઞાનવિવાહ ધોળ રાગમાં વર્ણવ્યો છે.

★ કાર્તિક પૂર્ણિમાએ તુલસીવિવાહની સમાપ્તિ પછી સમાજમાં લગ્ન શરૂ થાય છે. આ લગ્ન મહાલવામાં લોકો ભૂલી જાય છે કે આપણે હથેવાળો હરિ સંગાથે કરીને તુલસીદેવની જેમ જન્મ સફળ કરી લેવાનો છે.

★ તુલસી પત્ર અને તુલસીની કંઠી :- દાન દેવાની વસ્તુ પર તુલસી પત્ર મૂકીને "ઇદં ન મમ'' હવે આ મારું નથી, ભગવાનનું છે એવો ભાવ પ્રગટ કરવામાં આવે છે. એજ રીતે શરીર પર તુલસી પત્ર મૂકી, આ દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણને આત્મા.....કશુ જ મારું નથી ભગવાનનું છે એવો ભાવ ભક્ત કેળવે તો તુલસી વિવાહ સાચો. તુલસી પત્ર તો શરીર પર ઝાઝું ટકે નહિ તેથી કાયમી સમર્પણની સ્મૃતિ રહે તે માટે તુલસીના કાષ્ઠની કંઠી કે માળા પહેરવામાં આવે છે.

★ વર્તમાન ધરાવતી વખતે હાથમાં જળ આપી કાષ્ઠની બેવડી બે સેરની તુલસીની કંઠીઓનો મર્મ પણ આ જ છે. બે સેરનો મર્મ છે. શ્રી રાધાકૃષ્ણની જુગલ ઉપાસના સાથે ૧-મારે બ્રહ્મરૂપ થવાનું છે, ૨-મારે ભગવાનની ભક્તિ કરવાની છે. નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રય વિલક્ષણં વિભાવ્યતેન કર્તવ્યા, ભક્તિ : કૃષ્ણસ્ય સર્વદા. કંઠી એ દોરા-ધાગા કે અંધશ્રદ્ધાનું પ્રતિક નથી, પણ ભગવાનને ગમે તેવું જીવન જીવવાની તત્પરતા, તૈયારી એટલે કંઠી.

# દગો કોઇનો સગો નથી

સાં.યો. જયાબાઇ સુખપર-નરનારાયણ નગર

દગો એટલે પાખંડ, પાંખડી કોને કહેવાય ખબર છે ? બોલે એક અને કરે બીજું વાણી પ્રમાણે વર્તન ન કરે, દેખાવ કરે આસ્તિકનો અને હોય નાસ્તિક આને કહેવાય પાખંડી. કીચક મહા પાપી પાખંડી હતો. તેના પાખંડનું છેદન કરી, સંસ્કૃતિનું રક્ષણ કર્યું. આપણો સંપ્રદાય વૈદિક ધર્મ પ્રધાનવાળો છે. ભગવાને ખુલ્લી છાતીએ પડકાર કર્યો કે અસત્યને સત્યને માર્ગે વાળી પાંખડીઓનો નાશ કરશે.

એક મહાત્માજી હતા. તે એક શહેરમાં આવ્યા. ત્યાંનો રાજા સાધુ સંતોને માનનારો ભાવિક હતો. તેથી તેને પોતાના રાજદરબારમાં આદર-સત્કાર કરીને લઈ આવ્યા. સારાં સારાં ભોજન જમાડ્યા. ત્યાં એક મહિનો રહ્યા પછી રાજાને પુછ્યું 'રાજન' આપ ઉદાસ કેમ દેખાવ છો ? રાજાએ કહ્યું, 'મારે ત્યાં એક દીકરી છે પણ દિકરો નથી, તેથી ચિંતા થાય છે કે વારસદાર વગર આ રાજપાટ કોણ ચલાવશે ?'

મહાત્માએ કહ્યું, "આશીર્વાદ આપું છું, તમારે ઘેર ભગવાન દીકરો દેશે" સમય જતા રાજાને ત્યાં દીકરાનો જન્મ થયો. રાજા રાજી રાજી થઇ ગયા. હવે તો મહાત્માજીનું માન વધી ગયું. આ મહાત્માજી ભગવાન જેવા છે. એવું જાણીને રાજાએ રાજમહેલમાં એક સરસ રૂમમાં ઉતારો આપ્યો. રાણી અને રાજકુંવરી દરરોજ જૂદા જૂદા સ્વાદિષ્ટ મિષ્ટાનના થાળ મહાત્માજીને જમાડે અને રાત્રે રાણી અને રાજકુંવરી મહાત્માજીના પગ ચાંપે.

રાજાનું અન્ન જમવાથી, સ્ત્રીનો સંપર્ક થવાથી બુદ્ધિ ભ્રષ્ટ થવા લાગી. ઈન્દ્રિયોની વાસના છલકવા લાગી, ભગવાનનું ધ્યાન છુટ્યું અને રાજકુંવરીનું ધ્યાન ચાલુ થયું. રાજકુંવરી અઢાર વર્ષની ભરયુવાન.

મહાત્માજીની દાનત બગડી. આ રાજકુંવરી મારી પત્ની થાય તો કેવી મજા આવે ! પણ માંગણી કેમ કરાય ? તેથી કોઈક યુક્તિ શોધી કાઢીને રાજાને એકાંતમાં કહ્યું, "આ તારી રાજકુંવરી તારા પુત્રની ઘાતક છે. હવે એને રાજમહેલમાં રખાય નહિ. રાખીશ તો તારા પુત્રનું મોત થશે." રાજાએ કહ્યું 'બે દિવસમાં મુરતીયો ગોતીને પરણાવી દઈશ. કલ્યાણ પણ થાય.'

મહાત્માજીને થયું તો તો મારી બાજી બગડી જાય અને મને કુંવરી મળે નહિ. તેથી મહાત્માજીએ કહ્યું, 'પરણાવે તો તે તારે ઘેર મળવા આવે એવું ન ચાલે. ક્યારેય તારા રાજમાં ન આવે એવું કરવું પડશે.'

રાજાએ કહ્યું, 'તો શું કરું ગુરુજી ! ત્યારે મહાત્માજીએ કહ્યું, પેટીમાં પૂરી દરિયામાં તરતી મૂકી દે. જેવા એના કિસ્મત. જલ્દી કર નહિંતર તારો પુત્ર ગુમાવી બેસીશ.'


**શ્રી સ્વામિનારાયણ મંદિર - દયાપર**

**મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ**

તા.૦૧ થી ૦૫ ડિસેમ્બર-૨૦૨૩

:: ઉત્સવ સ્થળ ::

શ્રી લખપત તાલુકા કડવા પાટીદાર સમાજ વાડી

દીકરો મળ્યો તેથી રાજા મહાત્માજીને ભગવાન જેવા માને છે, પણ એને ખબર નથી કે કર્તાહર્તા ભગવાન છે. ભગવાનનું જ કર્યું થાય છે. રાજાએ દિવાનને આ વાત કરી. અને પુછ્યું હવે શું કરવું ? દિવાન ચતુર હતો તે બધી વાત જાણી ગયો કે, આ મહાત્માજીના ધંધા લાગે છે. પાપીની દાનત બગડી છે. તેથી દિવાનજીએ રાજકુંવરીને એક રૂમમાં બેસાડી દીધી અને પેટીમાં છીદ્ર પડાવી અંદર એક રીંછ પૂરી દીધો, અને પેટીને દરિયામાં નાખી દીધી. પાપીને થયું હવે બરાબર લાગ આવ્યો.

આ બાજુ મહાત્માજીએ રાજાને કહ્યું, 'રાજન મારે કામ છે મારા આશ્રમ તરફ જવું છે' મહાત્માજી આવ્યા આશ્રમે, શિષ્યોને કહ્યું, 'પેટી લઇ આવો અને ઉપલે માળે રાખજો.' શિષ્યો પેટી લાવ્યા અને ઉપર રાખી. મહાત્માજીએ કહ્યું, "હવે ઉપલે માળે કોઇ આવજો નહિ, પણ જોરશોરથી નોબતું ને શરણાઇ વગાડજો. કેમકે આજે મને ભગવાનના દર્શન થવાનાં છે." આ મહાત્માજીને એમ કે રાજકુંવરીને દબાવીશ અને એ રાડારાડ કરશે. આ બધા સાંભળશે તો દરવાજો ખોલીને અંદર આવશે તો મારી વાસના પૂરી નહિ થાય. તેથી કહ્યું બેન્ડવાજા જોરથી વગાડજો. બધા જોરશોરથી વગાડવા માંડ્યા.

મહાત્માજી અંદર જઇ દરવાજો બંધ કર્યો, રાજકુંવરી બહાર ન નીકળી જાય તેથી સાંકળ દઇ દીધી. અને જ્યાં પેટી ખોલી ત્યાં અંદરથી ચાર -પાંચ દિવસનું ભુખ્યું રીંછ નીકળ્યું અને મહાત્માને ચીરી નાખ્યો. મહાત્મા રાડો પાડવા મંડ્યા, "મને બચાવો, મને બચાવો હું મરી જાઉં છું."

"દગો કોઇનો સગો નથી." રીંછે મહાત્માને મારી નાખ્યો, ઘણીવાર થવાથી શિષ્યોએ દરવાજો ધબધબાવ્યો પણ ખોલે કોણ ? પછી દરવાજો ખોલીને જોયું તો રીંછ મહાત્માના મૃત શરીરને ચૂંથે છે. એટલે બધા ભેગા થઇ રીંછને પકડીને જંગલમાં છોડી આવ્યા.

આ બાજુ રાજાને એમ થયું કે મહાત્માજી આવ્યા કેમ નહિ એટલે રાજા દિવાનજીને સાથે લઇ મહાત્માજીના આશ્રમે આવ્યા. ત્યાં જોયું તો મહાત્માજી મૃત્યુ પામ્યા છે. એટલે રાજા રડવા માંડ્યા. ત્યારે દિવાનજીએ કહ્યું રાજન ! રડવા જેવું નથી, આ મહાત્મા કપટી અને પાંખડી હતા. તમને ઉંધુ ચિતું સમજાવીને કુંવરી સાથે દુર્વ્યવહાર કરવો હતો તેથી મેં આ યુક્તિ કરી છે. ત્યારે રાજાએ કહ્યું કે મારી રાજકુંવરી કયાં ? ત્યારે દિવાનજીએ કહ્યું કે તેને મેં મારા ઘરે રૂમમાં સંતાડી છે. રાજા દિવાનજીની બુદ્ધિચતુરાઇ જોઇને રાજી થયા. અને કહ્યું કે તમે મારી દીકરીને જીવતી રાખી તેથી તમને ઈનામ આપું છું.

શતાનંદ સ્વામી કહે છે કે, પાંખડીના પાખંડને ભગવાને ઉઘાડા કર્યા છે. પાખંડને દૂર કરી શ્રીજીમહારાજે સંસ્કૃતિને જાગૃત કરી છે. એવા પાખંડીઓનો સંગ ન કરવો.


**શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ તાબાનું, શ્રી સ્વામિનારાયણ મંદિર કંથકોટ**

**મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ**

**તા. ૧૮-૧૧-૨૦૩, શનિવાર** **તા. ૨૨-૧૧-૨૦૨૩, બુધવાર**

# સત્સંગ સમાચાર-દેશ

## નવરાત્રી રાસોત્સવ - ભુજ

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર આયોજિત મહારાસોત્સવ નવરાત્રીના પ્રથમ દિવસે આયોજન રાખવામાં આવ્યું હતું.



ભુજ શ્રીઘનશ્યામ બાલમંડળ તથા બાલિકા મંડળ તેમજ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક-યુવતી મંડળના સભ્યો જુદી જુદી વેશભૂષામાં ઓરકેસ્ટ્રા વાજીંત્રોના તાલ સાથે લાઇન બધ્ધ સર્વે રાસમાં ભાગ લીધો હતો. ગાયક સ્વામી વાસુદેવપ્રિયદાસજીએ કીર્તનોની સૂરાવલીઓ રેલાવી હતી.

સ્પર્ધાત્મક રાસમાં જે બાળકો સારું રમ્યા તેમજ સારું નૃત્ય કર્યું તેઓને સંતોના વરદ્હસ્તે તથા બાલિકાઓને સાંખ્યયોગી મહંત સામબાઇ ફઇ વગેરે બહેનોના વરદ્હસ્તે ઇનામો આપવામાં આવ્યાં હતાં.

આ રાસોત્સવ ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા કોઠારી સ્વામીના નેજા હેઠળ ઉજવવામાં આવ્યો હતો. રાસમાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા સદ્ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી આદિ પંદરેક સંતો પધાર્યા હતા. રાસમાં ભાગ લેનાર બાળકો તથા યજમાનશ્રીઓને પ્રાસંગિક ઉદ્બોધન તથા આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

સંધ્યા સમયે ઠાકોરજીની આરતી બાદ દરેક ભક્તજનોને ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો. ભોજન મહાપ્રસાદના યજમાનપદે ચામરીયા પરિવારના ચેતનાબેન ગોવિંદભાઇ દેવાભાઇ પરિવાર રહ્યા હતા. છેલ્લે સ્વામિનારાયણ નામનો જયજયકાર કરવામાં આવ્યો હતો.

અ.શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી

## ગણેશ ઉત્સવ વિલેપાર્લા મુંબઇ

ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનમાં મહારાષ્ટ્રનો અતિ પ્રચલિત ગણપતિ ઉત્સવ મંદિરમાં દશ દિવસ સુધી ઉજવવામાં આવ્યો હતો.

તા.૧૯-૯-૨૦૨૩ ભાદરવા સુદ ૪ ના રોજ ગણેશજીની મંદિરમાં સ્થાપના કરવામાં આવી હતી. દરરોજ સાંજ સવાર પૂજન આરતી કરવામાં આવતાં અને ૧૦ મા દિવસે સવારે મહાપૂજા તેમજ ગણેશ જન્મની કથા તેમજ ગણેશજીનું ઉત્થાપન પૂજન ભૂદેવો દ્વારા કરવામાં આવ્યું હતું. અને આજના દિવસે બપોરે પધારેલ સૌ ભક્તોને યજમાન તરફથી મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. યજમાન ગામ ભચાઉના હાલે મુંબઇ રહેતાં પ.ભ.અ.નિ. દિવાળીબેન રાયશી પૂંજા નિસર હ. વેલુબેન ધીરજલાલ નિસર તથા કૌશિક ધીરજલાલ નિસર તથા મયુર ધીરજલાલ નિસર, જ્યોતિ જીતેન કારીયા, ભાવિકા રાજ ગડા, કીદય મયુર નિસર, ક્રિયાંશ કૌશીક



નિસર, પાખી કૌશિક નિસર, ધ્યાનમ મયુર નિસર, બંસી જીતેન કારીયા, યશ્વી જીતેન કારીયા પરિવાર રહ્યા હતા.

## વાલી સંમેલન વિલેપાર્લા મુંબઇ

ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન મુંબઈમાં શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકો તથા માતાપિતાનું એક દિવસીય સંમેલન તા.૧-૧૦-૨૦૨૩ રવિવારે રાખવામાં આવ્યું હતું.

બપોરપછી પાંચ વાગ્યે પ્રાર્થના સાથે સાંખ્યયોગી બહેનોની ઉપસ્થિતિમાં અને માર્ગદર્શન મુજબ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમૂહ પ્રાર્થના, નૃત્ય, ગીત, રૂપક પ્રશ્નોત્તરી વગેરે અનેક ભારતીય સંસ્કૃતિ પ્રેરક કાર્યક્રમો નાની બાલિકાઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. સાંખ્યયોગી બહેનો તથા સંચાલિકા બહેનોની મહેનત ખૂબ રંગ લાવી હતી. અને વાલીઓ ખૂબ ઉત્સાહિત થયા હતા.




૭-૩૦ થી બાલમંડળના બાળકો પ્રાર્થના સાથે પોતાનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. બાળકો પણ સમૂહ નૃત્ય, ગીત, બાલસભાના અનુભવો શું શું શીખવા મળે છે બાલસભામાં એ દરેકને મંચ ઉપર નાટક દ્વારા રજૂ કર્યું હતું. સ્વામી રામાનુજદાસજી તથા સ્વામી તીર્થમુનિદાસજીએ આ સમગ્ર કાર્યક્રમ સંભાળ્યો હતો.

બાળકોએ ઘરે, સ્કૂલમાં તથા મંદિરમાં શું શું કરવું જોઈએ એની માહિતી પ્રેઝન્ટેશન દ્વારા સ્વામી તીર્થમુનિદાસજીએ રજૂઆત કરી હતી. સ્વામી રામપ્રિયદાસજી તથા સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ભલામણ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને વાલીઓને પોતાના બાળકોને દર રવિવારે સવારે ૧૦-૩૦ થી ૧૧-૩૦ ચાલતી બાળસભામાં મોકલવાની પ્રેરણા આપી હતી.

આ બાલ-બાલિકા મંડળના બાળકોનો કાર્યક્રમ જોઈ દરેક વાલીઓ ખુશ થયા હતા. અને ૮ માંથી ૧૦૮ બાળકોની સંખ્યા જોઈ મંદિરના કાર્યકરો, ટ્રસ્ટીઓ, હરિભક્તો ખુશ થયા હતા અને પ્રોત્સાહન પણ આપ્યું હતું. વિશ્રાંત ભુવન તરફથી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ વાલી સંમેલનમાં સેવા કરનાર યુવક-યુવતીઓને સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

અ.સંચાલકશ્રી બાલમંડળ

## નવરાત્રી ઉત્સવ વિલેપાર્લા મુંબઇ

ભુજ મંદિર સંચાલિત શ્રીસ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનમાં નવરાત્રીના ૯ દિવસ દરમિયાન કચ્છના વાગડ વિસ્તારના વિલેપાર્લા ઈસ્ટ-વેસ્ટ વાગડ લેવા પાટીદાર સમાજ આયોજીત નવરાત્રી ઉત્સવ-૨૦૨૩ ગ્રુપના લેવા પટેલના હરિભક્તોના યજમાનપદે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આસો સુદ-૧ થી ૧૦ સુધી આ આયોજન

ધામધૂમથી કરવામાં આવ્યું હતું. દરરોજ ૧ હજારથી ૧૫ સો જેટલા જેટલા અને શનિ-રવિવારે ૨ હજારથી અઢી હજાર જેટલા ભક્તો ભાઈઓ-બહેનો લાભાન્વિત થયા હતા. આવનાર દરેકને મહાપ્રસાદ અપાયો હતો. તા.૨૨ ના રોજ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતોએ પણ આયોજકો, રાસ ખેલૈયાઓને ભારતીય સંસ્કૃતિને વળગી પરિવાર સાથે રહેવા તથા વિશ્રાંતિ ભુવનમાં ચાલતી બાળ-યુવા પ્રવૃત્તિની માહિતી અપાઈ હતી.

અ.આયોજકશ્રી

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર જિલ્લા યુવા મહોત્સવમાં પ્રથમ ક્રમે વિજય

યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર પ્રાયોજિત જિલ્લા શિક્ષણ કચેરી ભુજ આયોજિત જિલ્લા યુવા મહોત્સવ ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં અમારી શાળાએ લોકનૃત્ય (ખુલ્લો વિભાગ)માં ભાગ લઈ રાજસ્થાની લોકનૃત્ય રજૂકરી કલાનાં કામણ પાથરી ઉપસ્થિત સૌ મહાનુભવોને મંત્રમુગ્ધ કરી અવલ્લ સ્થાન મજબૂત કર્યું હતું.

આ સાથે તાલુકા કક્ષાએ સર્જનાત્મક કાર્યમાં દ્વિતીય, ભજન સ્પર્ધામાં દ્વિતીય અને હળવું હાર્મોનિયમમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

રાજગોર નેહલબેન અને ગોસ્વામી સ્વેનીબેને લોકનૃત્યમાં વિદ્યાર્થીનીઓને તૈયારી કરાવવામાં જહેમત ઉઠાવી હતી. ભુડિયા કુમુદબેન અને ગઢવી દેવૃત્તિબેને અનુક્રમે સર્જનાત્મક અને સંગીતની તૈયારી કરાવી હતી. આ તમામ દીકરીઓની સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદદાસજી આદિ સર્વે સંતવૃંદો, પૂ.મહંત સામબાઈ ફઈ તથા સાંખ્યયોગી બહેનોએ આશિષ સહ શુભેચ્છા પાઠવી હતી. તથા શાળાના ટ્રસ્ટીમંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ શિક્ષકોએ આ સિદ્ધિને બિરદાવી હતી. ઉત્તરોત્તર પ્રગતિ કરી સિદ્ધિના સોપાનો સર કરી શાળાનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

લોકનૃત્ય કૃતિ કચ્છનું પ્રતિનિધિત્વ કરવા રાજ્યકક્ષાએ યોજાનાર યુવા મહોત્સવમાં આગળ પ્રગતિનાં સોપાન સર કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

## રાજ્ય કક્ષાની બેન્ડ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છનું ગૌરવ વધાર્યું

MHRD પ્રેરિત અને સર્વ શિક્ષા અભિયાન (SSA) દ્વારા ઈન્ટર સ્કૂલ બેન્ડ સ્પર્ધા તા.૨૯-૯-૨૦૨૩ શુક્રવારના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ. જેમાં આદરણીય DEO શ્રીસંજયભાઈ પરમાર સાહેબ અને PI શ્રીરાતડા સાહેબના પ્રોત્સાહન હેઠળ શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર ભુજની દીકરીઓએ રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી ખમીરવંતા કચ્છનું ગૌરવ વધાર્યું છે.

માર્ગદર્શક શિક્ષિકા પૂજાબેન ગોર તથા



વિજેતા દીકરીઓની સિદ્ધિઓને શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદદાસજી, મંદિરના

સર્વે સંતવૃંદો, પૂજનીય મહંત સામબાઇ ફઇ તથા સાંખ્યયોગી બહેનો, શાળાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ શિક્ષકોએ બિરદાવી હતી.

## પ્રાચીન અને અર્વાચીન ગરબામાં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર કચ્છભરમાં પ્રથમ

કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર પ્રેરિત તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ભુજ-કચ્છ આયોજિત 'જિલ્લા કક્ષા નવરાત્રી





રાસગરબા સ્પર્ધા'માં શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ પ્રાચીન અને અર્વાચીન ગરબા બંનેમાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ કૃતિઓ રાજ્યકક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે.

માર્ગદર્શક શિક્ષિકાશ્રી નેહલબેન ગોર, સ્વેનીબેન ગોસ્વામી, બંસરીબેન સોની, સુનિતાબેન હિરાણી તથા દીકરીઓની સિદ્ધિઓનો શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, મંદિરના સર્વે સંતવૃંદો, પૂજનીય મહંત સામબાઇ ફઇ તથા સાંખ્યયોગી બહેનો, શાળાના ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો, આચાર્યાશ્રી તેમજ સર્વે શિક્ષકોએ બિરદાવી હતી.

## શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓની જુડોમાં રાજ્ય સ્તરે સિદ્ધિ

રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની શાળાકીય જુડો U-19, U-17, U-14 ગેમનું રાજ્યકક્ષાનું આયોજન નડીયાદ મુકામે કરવામાં આવેલું હતું.

જેમાં અમારી શાળા શ્રીસ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલું હતું. રાજ્ય સ્તરે શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગૌરવ વધાર્યું હતું.

U-19માં +70 વજન વિભાગમાં ભાવસાર રીયા નિકેશભાઇ સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબરે વિજેતા



થયેલ છે. તેમજ U-17માં +70 વજન વિભાગમાં હિરાણી ભૂમિ અરવિંદભાઈએ સમગ્ર રાજ્યમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે. તેમજ 57 વજન વિભાગમાં પોકાર જયની પરેશભાઈએ સમગ્ર રાજ્યમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે.

સિદ્ધિ પ્રાપ્ત કરનાર તમામ દીકરીઓ અને સ્પોર્ટસ કોચ રશ્મિતાબેનને ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના પૂજ્ય મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટી મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈના અંતરના રૂડા આશીર્વાદ સહ અભિનંદન તેમજ સંચાલક મંડળ તેમજ સંસ્થા પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

## શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા ગણેશોત્સવ

શ્રીસહજાનંદ ગુરુકુળ સંચાલિત શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ અને એસ.એસ.જી.એમ. અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે ગણેશ ચતુર્થીની ભાવભેર ઉજવણી કરવામાં આવી.



જેમાં ઢોલ અને બેન્ડના સથવારે ગણપતિ બાપ્પા મોરીયાના નાદ સાથે ભવ્ય શોભાયાત્રા યોજાઈ. પૂજ્ય સંતોએ પવિત્ર મંત્રો સાથે વિઘ્નહર્તા દેવ ગણેશજીની સ્થાપના-પૂજા-અર્ચના કરી. ત્યારબાદ પૂજ્ય સંતગણો, ટ્રસ્ટીઓ, શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓના હસ્તે સંગીત-વાદ્યના તાલે મહાઆરતી કરવામાં આવી. પૂજ્ય સંતગણોના આશીર્વાદ સાંપડ્યા હતા. સર્વે શિક્ષકમિત્રો વ્યવસ્થામાં સહભાગી બન્યા હતા.

અ. આચાર્યશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક યુવતી મંડળ નડિયાદ નવરાત્રી મહા રસોત્સવ ૨૦૨૩

ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન નડિયાદ ખાતે નવરાત્રીના દિવસો દરમિયાન રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોના વિભાગમાં બહેનો અને પુરુષો વિભાગમાં પુરુષો મર્યાદામાં રહી નવ દિવસ રાસ રમાયેલ હતો. આ પ્રસંગે ભુજ - માંડવી - મુંબઈ , થાણાથી  સંતો બે દિવસ પધારી દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા.

અ. રોનક વેલાણી








# લંડન વિલ્સડન શ્રીસ્વામિનારાયણ મંદિરમાં જીવન માંગલ્ય મહોત્સવ ઉજવાયો

તા.૨૪-૯-૨૦૨૩ થી ૧-૧૦-૨૦૨૩ સુધી સાત દિવસીય ધાર્મિક પ્રસંગનું આયોજન લંડન ખાતે કરાયું હતું.

ઈંગ્લેન્ડ દેશના લંડન શહેરમાં ઇ.સ. ૧૯૭૫માં આપણાં ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીએ વિલ્સડન ખાતે મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. આ મંદિરમાં સંતોના વચને ૨૫ વર્ષ સુધી ટ્રસ્ટીપદે રહી સત્સંગ અને સેવાના ઘણાં કામ કરનાર ગામ બળદિયાના કાનજીભાઇ ખીમજી જેશાણી, ધ.પ.ધનુબેન, પુત્રી-જમાઇ પરિવારે પિતાશ્રી ખીમજીભાઇ સામજી જેશાણીના જન્મ શતાબ્દી, લગ્નજીવનના ૫૦ વર્ષ અને પોતાની ઉંમરના ૭૦ વર્ષ ઉજવ્યા. આ પ્રસંગે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના ૨૩ સંતોની ઉપસ્થિતિ વચ્ચે શ્રીપુરુષોત્તમ ચરિત્રની મંગળ કથાનું રસપાન કરાવ્યું હતું. તા.૨૪-૯ ના સાંજે પોથીયાત્રા યોજાઇ હતી. દરરોજ સાંજે ૬ વાગ્યાથી કથા રખાઇ હતી જેથી ઘણાં હરિભક્તો પ્રસંગનો લાભ લઇ શક્યા હતા. તા.૨૬-૯ ના શ્રીઘનશ્યામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી, તા.૨૮-૯ ના રથયાત્રાએ જગન્નાથપુરીની યાદ અપાવી હતી. તા.૨૯-૯ ના શ્રીસહજાનંદ સ્વામી આગમન મહોત્સવ, ભજન સંધ્યા, તા.૩૦-૯ ના ભવ્ય રાસોત્સવ યોજાયો હતો. જ્યારે તા.૧-૧૦ ના શાકોત્સવ સાથે મહોત્સ વિરામ લીધો હતો.

આ પ્રસંગે આશીર્વાદ આપતા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ કહ્યું હતું કે, કે.કે.જેશાણી સંતોના વચને રહી યુ.કે., ભારત અને દુનિયામાં ઘણી સેવા ઓ કરી છે. મેડિકલ કેમ્પ,







ઘનશ્યામ મહારાજના સુવર્ણ હાર, વિદ્યાર્થીઓની ફી ભરવી, વિલ્સડન મંદિરમાં વૃદ્ધ વડીલો માટે કેરહોમ, ઓલ્ડહામ, સીડની, મેલબર્ન મંદિરોના નિર્માણ તે મંદરોની કમિટી સાથે કાર્ય કરવામાં સલાહ-સૂચન આપી સાથે રહ્યા. કચ્છની સરહદે ગરીબોને મદદરૂપ બન્યા. આ બધું સંતોના વચને કરવા પ્રયાસ કર્યો તેવી વાત મહંત સ્વામીએ આશીર્વાદરૂપે કરી. કે.કે. જેશાણીનું જીવન ભગવદ્‌પરાયણ રહ્યું છે અને અંતે અક્ષરધામનું સુખ પ્રાપ્ત થશે તેવો રાજીપો વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે કે.કે.જેશાણી ચેરીટેબલ ટ્રસ્ટનો પ્રારંભ ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં કરવામાં આવ્યો હતો. જેમાં ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતના શુભાશીષ પ્રાપ્ત થયા હતા. આ તમામ પ્રસંગોમાં ભુજ મંદિરના વરિષ્ઠ સંત વાગડ ઉદ્ધારક પ.પૂ. સદ્‌ગુરુ પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુક્તવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી પ્રભુજીવનદાસજી, સ્વામી નારાયણપ્રિયદાસજી, સભાસંચાલક શા.સ્વામી દેવચરણદાસજી, સંગીતકાર ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજી, સદ્‌ગુરુ સ્વામી કૃષ્ણપ્રિયદાસજી આદી ૧૭ જેટલા સંતોએ દર્શન તથા આશીર્વાદનો લાભ આપ્યો હતો.

વિવિધ પ્રસંગોમાં વિલ્સડન સ્વામિનારાયણ




મંદિરના પ્રમુખ કુંવરજીભાઇ કેરાઇ અને ટ્રસ્ટી મંડળના સર્વે સભ્યો સાથ-સહકાર આપ્યો હતો. હેરો કેન્ટન મંદિરના પ્રમુખ સુરેશભાઇ રાબડીયા, મંત્રી રિકેનભાઇ કેરાઇ, વુલ્વીચ મંદિરના પ્રમુખશ્રી પરબતભાઇ, ઓલ્ડહામ મંદિરના પ્રમુખ હિતેશભાઇ ભુડિયા, સામજીભાઇ દબાસીયા, શશીકાંત વેકરીયા, નાનદાસભાઇ વરસાણી, ભરતભાઇ પિંડોરીયા, કરસનભાઇ વાઘાણી, હરીભાઇ હાલાઇ, કલ્યાણભાઇ વેકરીયા, જાદવજીભાઇ ગાજપરીયા યુ.કે. કોમ્યુનીટીના અધ્યક્ષ માવજીભાઇ ધનજી વેકરીયા (કેન્ફોર્ડ) સહિત અનેક હરિભક્તો સાથે સ્થાનિક લંડન પાર્લામેન્ટના સભ્ય કૃપેશ હિરાણી વગેરે હાજર રહી કથામૃતનો લાભ લીધો હતો.

ભુજ મંદિર તરફથી કે.કે. જેશાણી, ધનુબેન, પુત્રીઓ હસ્મિતા, વનિતા, દીપા અને વિણાબહેન તથા જમાઇ સપરિવારની પહેરામણી કરાઇ હતી.

- અ.વસંતભાઇ પટેલ



# આફ્રિકા ખંડના રુવાંડા દેશમાં નૂતન મંદિર સ્થાપના

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી રુવાંડા દેશના કિગલી શહેરમાં તા.૫-૧૦-૨૦૨૩ ગુરુવારના રોજ ભુજથી પધારેલ સંતો સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી આદિ ૬ સંતોના સાનિધ્યમાં પ.ભ.પરબતભાઈ ભીમજી શીયાણીના યાર્ડમાં નૂતન મંદિરની સ્થાપના કરવામાં આવી છે. આજથી ૧૪ વર્ષ પહેલાં હરિભક્તો આ દેશમાં પોતાનો વ્યવહાર શરૂ કરેલ હતો. પોતાના ઘેર ઘેર સભા થતી, હરિભક્તોની સંખ્યા વધતાં મંદિરની સ્થાપના થઈ છે. દર રવિવારે અન્યત્ર સભા થતી એ હવે મંદિરમાં થશે. લગભગ કચ્છના ૭૫ થી ૮૦ હરિભક્તો છે. યુવક મંડળની સભા પણ આ શહેરમાં ચાલી રહી છે એ આ મંદિરમાં થશે. અને મંદિર થયું છે એટલે ભુજથી સંતો પણ ત્યાં અવાર નવાર પધારશે અને યુવાનો-વડીલ ભક્તોને દર્શન, સંત-સમાગમનો લાભ મળતો રહેશે.

આ પ્રસંગે ૧ દિવસનો કાર્યક્રમ રાખેલ હતો. સંતો સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી, સ્વામી પુરુષોત્તમચરણદાસજી, સ્વામી સંતજીવનદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને સ્વામી ધર્મવત્સલદાસજી આદિ સંતો પધારેલ હતા. અને મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોની હાજરીમાં ધામધૂમથી આ ઉત્સવ ઉજવાયો હતો.

અ.કલ્પેશ પિંડોરીયા



# શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર
# ઇસ્ટ લંડન શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ



પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા વડીલ સંતોના આશીર્વાદથી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન મધ્યે શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણનું આયોજન કરવામાં આવેલું હતું.

કથાનો પ્રારંભ ભાદરવા વદ-૧૨ બુધવાર તા.૧૧-૧૦-૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ હતો. કથાના વક્તાપદે ભુજધામના વિદ્વાન સંતોએ ભાવવાહી શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

શ્રીમદ્ સત્સંગિજીવન મુખ્યત્વે પરચા પ્રકરણ- આ કથાના યજમાનપદે અ.નિ.લાલજીભાઇ પરબાત હિરાણી, અ.નિ. દાદી રાધાબાઇ, પ.ભ.પિતાશ્રી રામજી લાલજી હિરાણી, ધ.પ.માતૃશ્રી વાલબાઇ, સુપુત્ર પ.ભ. ભીમજીભાઇ, ધ.પ. પ્રેમીલાબોન, સુપુત્રો ઘનશ્યામભાઇ, ધ.પ. માનસીબેન, પૌત્ર ડીયન, પૌત્રી ડીનિશા, સુપુત્રો જયેશભાઇ, ધ.પ. હિનાબેન, પૌત્રી નિવા, જમાઇ વિજયભાઇ ધનજી ભુડિયા, ધ.પ.બહેન રીનાબેન, દોહીત્ર રિષી, દોહીત્રી શિયા રહ્યા હતા.

આ કથામાં ભુજ મંદિરના સંતો સદ્ગુરુ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સદ્ગુરુ સ્વામી પ્રભુસ્વરૂપદાસજી આદિ સંતમંડળ ઉપસ્થિત રહેલ. આમંત્રિત સંતોમાં ખાસ ભુજ મંદિરથી ગુરુ સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી સર્વમંગલદાસજી, શા.સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી આદિ સંતો આ ઉત્સવમાં ખાસ હાજર રહ્યા હતા.

આ ઉત્સવમાં ઉપસ્થિત સર્વે સંતોના દર્શન તથા આશીર્વાદથી સર્વે પ્રાંતના ભક્તો મહેમાનો ભાવવિભોર થયેલ અને રાજીપો વ્યક્ત કરેલ.

કથા દરમિયાન દરરોજ શ્રીબાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજને વિવિધ વ્યંજનો ફ્રૂટ, સૂકોમેવો, મિઠાઇ પ્રસાદરૂપે ધરવામાં આવેલ.

દરરોજ સાંજે વિશેષ કાર્યક્રમો યોજવામાં આવતા હતા. શ્રીઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ, રાસ-કીર્તન આદિ ભક્તિસભર રહ્યા હતા.

ભુજધામ, પ્રસાદી મંદિર, અંજાર, માંડવી ઠાકોરજીને થાળ અને સંતોને રસોઇ તેમજ મુંબઇ-વિલેપાર્લા, થાણા, રાપર ગુરુકુળ, નારાણપર ગુરુકુળ ઠાકોરજીને થાળ, વિદ્યાર્થી અને સંતોને રસોઇ.

અ. મંત્રી અરવિંદ વેકરીયા અને પુલકિતભાઇ કોરાટ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત



# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ

એવં

# નારાયણ યજ્ઞ મહોત્સવનું

આયોજન



પોથીયાત્રા : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૨ તા. ૨૦-૪-૨૦૨૪ સાંજે ૩:૦૦ વાગ્યે

કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૧૩ તા. ૨૧-૪-૨૦૨૪

કથા વિરામ સાતમો દિવસ : સં.૨૦૮૦ ચૈત્ર વદ-૩ તા. ૨૭-૪-૨૦૨૪ સાંજે ૭:૦૦ વાગ્યે

નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૪ તા. ૨૮-૪-૨૦૨૪ સવારે ૬:૩૦ વાગ્યે

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૧-૪-૨૦૨૪ થી તા. ૨૭-૪-૨૦૨૪ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

એક પોથીના રૂા. ૨૫,૦૦૦/-
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.

નારાયણયાગમાં ૧ પોથી પાછળ
૧ જોડલું બેસી શકશે.

૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.
સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.

જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮/૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :** શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬ ૦૮૦૦૦

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૫૦૦ – હરેશભાઇ નવનીતરાય મહેતા અ.નિ.માતુશ્રી હસ્તાબેનની પુણ્ય સ્મૃતિમાં – ભુજ
૨૫૧ – રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે બળદિયા
૫૦૦ – ઘનશ્યામ લાલજી આશાણી શુભ વેવિશાળ(સગાઇ) પ્રસંગે – રામપર નવાવાસ

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2020/UPTO 31-12-2020



# તંત્રી મંડળ તરફથી નૂતન વર્ષાભિનંદન

પ્રકાશનું પર્વ દિપાલવી આપના પરિવારના જીવનમાં પ્રફુલ્લિતતા, પ્રસન્નતા અને પવિત્રતાનો પ્રકાશ પાથરે. ભક્તિના બળમાં વૃદ્ધિ થાય. સત્સંગ દ્વારા સદ્વિચાર અને સત્કાર્યોને અમલમાં મૂકતા રહો. શરીર સ્વાસ્થ્યસભર અને આરોગ્યપ્રદ રહે. પરિવાર તરફથી આદરભાવ સાથે આત્મીયતાની અનુભૂતિ થાય. એજ પ્રાર્થના સહ અભિનંદન.

સર્વે સત્સંગીઓ શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના સર્વે ગ્રાહકો, લેખકો, વાંચકો, સેવાભાવી કાર્યકરો, કર્મચારીઓ અને શુભચિંતકોને દિવાળીની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન સહ

તંત્રી મંડળના આશીર્વાદ સાથે જય શ્રીસ્વામિનારાયણ




ભવ્યાતિભવ્ય ઉત્સવ ઉજવણી અંજાર

# શ્રીસ્વામિનારાયણ નૂતન મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ-અંજાર

**મહોત્સવ પ્રારંભ : તા. ૯-૪-૨૦૨૪, મંગળવાર**

**મૂર્તિ પ્રતિષ્ઠા : તા. ૧૩-૪-૨૦૨૪, શનિવાર**

**મહોત્સવ સમાપન : તા. ૧૫-૪-૨૦૨૪, સોમવાર**

